# CIMS News
# Care & Cure

Volume-4 | Issue-42 | January 25, 2014

Price : ₹ 5/-

CIMS®
Care Institute of Medical Sciences

**અંદરના પાને...**

- હૃદયના તમામ રોગો માટે શ્રેષ્ઠ સારવાર આપતી સીમ્સ હોસ્પિટલ
- સીમ્સ હોસ્પિટલમાં હૃદય રોગોની તમામ પ્રકારની સારવાર ઉપલબ્ધ



CIMS News
Care & Cure
Volume-4 | Issue-42 | January 25, 2014

CIMS®
Care Institute of Medical Sciences

# હૃદયના તમામ રોગો માટે શ્રેષ્ઠ સારવાર આપતી સીમ્સ હોસ્પિટલ

હૃદય રોગનું મુખ્ય કારણ છે ધમનીઓ કઠણ થઈ જવી અથવા ધમનીઓમાંથી લોહી વહેવામાં અવરોધ ઉભો થવો. આવી હાલતમાં હૃદયને લોહી ઓછું પહોંચે છે. આ અવરોધને કારણે એન્જાયના પેક્ટોરીસ અને ત્યારબાદ હાર્ટ એટેક આવે છે. હૃદયમાં લોહી ઓછું પહોંચવાને કારણે દર્દીને છાતીમાં ભારે દુખાવો અને ગભરામણ થવા માંડે છે. આ સ્થિતિને 'અસ્થિર એન્જાયના' તરીકે ઓળખવામાં આવે છે. હૃદયને લોહી સદંતર મળતું બંધ થઈ જાય ત્યારે હૃદયના જે ભાગને અવરોધ ધરાવતી ધમની દ્વારા લોહી મળતું હોય તે ભાગ હંગામી ધોરણે મૃત્યુ પામે છે. અન્ય શબ્દોમાં કહીએ તો હૃદયના તે ભાગમાંથી ચેતન જતું રહે છે અને તે હિસ્સો કાર્યક્ષમતા ગુમાવી બેસે છે. આવી પરિસ્થિતિને આપણે હાર્ટ ઍટેક અથવા હૃદય રોગના હુમલા તરીકે ઓળખીએ છીએ.

“હૃદયરોગના હુમલા પછીનો તરતનો સમય ખૂબજ કટોકટીનો હોય છે. હાર્ટ ઍટેક આવ્યા બાદ હૃદય લોહી પંપ કરવાનું ચાલુ રાખે છે, પણ પહેલાં કરતાં પંપ કરવાની ક્ષમતા ઘટી જાય છે. જો હુમલા પછીના ૬ થી ૧૨ કલાકમાં યોગ્ય સારવાર આપવામાં આવે તો હૃદયના જે ભાગને લોહી ન મળવાને કારણે નુકશાન થયું હોય તે ભાગને ફરીથી કાર્યરત કરી શકાય છે. આથી હૃદયરોગના હુમલા પછી તાત્કાલિક સારવાર આપવામાં આવે તે વિશેષ મહત્વનું છે.”

“હૃદયરોગના કેટલાક હુમલા ઓચિંતા અને ખૂબ જ તીવ્રતાથી આવે છે, પરંતુ મોટાભાગના કિસ્સાઓમાં હૃદય રોગના હુમલાઓ ધીમે રહીને ચાલુ થતા હોય છે. આ સ્થિતિના સામાન્ય લક્ષણોમાં છાતીમાં ગભરામણ, ઠંડો પરસેવો છૂટવો, બાવડાં, પીઠ, ગળા, જડબાં અથવા પેટમાં દુ:ખાવો અથવા, બેચેની થવી, શ્વાસ લેવામાં મુશ્કેલી થવી, મોળ ચડવો કે મગજ ખાલી ખાલી લાગે. જો દર્દીને છાતીમાં ગભરામણ થતી હોય અથવા અહીં દર્શાવેલા એકથી વધુ લક્ષણો જણાતા હોય તો એક મિનિટનો પણ વિલંબ કરવો જોઈએ નહીં (પાંચ મિનિટથી વધુ તો ક્યારેય નહીં). આવા સંજોગોમાં કોઈને મદદ માટે બોલાવીને તાત્કાલિક હોસ્પિટલ પહોંચી જવું જોઈએ.”

“ડાયાબીટીસના દર્દીને હૃદય રોગનો હુમલો આવે ત્યારે દુખાવો ન થાય તેવું બની શકે. તેમને કદાચ કોઈ જ લક્ષણો ન અનુભવાય અથવા તો થોડો શ્વાસ ચડે અથવા પરસેવો વળે કે પછી ખૂબ જ નબળાઈ લાગે. આ પ્રકારના કિસ્સાઓનો ખ્યાલ ન આવે અને તેની સારવાર થાય નહીં તેવું બની શકે છે. ઘણાં લોકો આવા સામાન્ય લક્ષણોને ધ્યાનમાં લેતા નથી.”



સંશોધનોમાં એવું ફલિત થયું છે કે હૃદય રોગના હુમલાથી થતા મોટાભાગના મૃત્યું છાતીમાં દુખાવો થાય ત્યાર પછીના પહેલા કલાકમાં જ થાય છે, પણ જો લોહી ન પહોંચતું હોય તેવા હૃદયના સ્નાયુના ભાગને થોડીવારમાં લોહી આપવામાં આવે તો તે ખામી વગર ફરીથી બિલકુલ સ્વસ્થ થઈ જાય છે. કહેવાનું એટલું જ કે હૃદય રોગના હુમલાની સર્વોત્તમ સારવાર જેટલી વહેલી મળી શકે તેટલી દર્દીનો જીવ બચાવવામાં વધુ ઉપયોગી નિવડે છે.

**હૃદય રોગના હુમલામાં શું કરવું જોઈએ :** દર્દી જે કામ કરતાં હોય તે કામ બંધ કરીને આરામ કરવો જોઈએ. ઓગળી શકે તેવી એસ્પિરીનની એક ગોળી લેવી જોઈએ. તેનાથી લોહી પાતળું થઈ જાય છે અને જામતું અટકે છે. નાઈટ્રોગ્લિસીરીનની એક ગોળી જીભ નીચે મૂકીને તરત જ મદદ લઈને ઍમ્બ્યુલન્સ બોલાવવી જોઈએ.

સીમ્સ હોસ્પિટલમાં હૃદય રોગની સારવાર તથા ઓપરેશન કરવું પડે તેવી પરિસ્થિતિમાં ઓપરેશન પૂર્વે, દરમ્યાન તથા ઓપરેશન પછી કોઈપણ પ્રકારની સમસ્યા પેદા થાય નહીં તે માટે સતત સારવારની શ્રેષ્ઠ વ્યવસ્થા ઉપલબ્ધ છે.

**સૌજન્ય**

ડૉ. હેમાંગ બક્ષી - (MD, DM) કાર્ડિયોલોજીસ્ટ
(મો) +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧
ઇ-મેલ : hemang.baxi@cims.me

CIMS® Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-4 | Issue-42 | January 25, 2014


# સીમ્સ હોસ્પિટલમાં હૃદય રોગોની તમામ પ્રકારની સારવાર ઉપલબ્ધ

હાર્ટ સર્જરીનો ઈતિહાસ એક સદીથી પણ ઓછો જૂનો છે. એ પહેલાં હૃદયની શસ્ત્રક્રિયા થઈ શકતી ન હતી. ૧૯૫૪માં પ્રથમ ઓપન હાર્ટ સર્જરી થઈ તે પછી અત્યાર સુધીમાં હૃદય રોગની સારવાર ક્ષેત્રે જબરદસ્ત પ્રગતિ નોંધાઈ છે. હૃદયની નળીઓ બ્લોક થવી, વાલ્વ પહોળો થવો, વાલ્વનું લીકેજ થવું વગેરે હૃદયની કોઈ બિમારી એવી નથી જેનો ઈલાજ થઈ શકે નહીં. સીમ્સ હોસ્પિટલમાં હૃદયના કેવા અટપટા ઓપરેશન થાય છે તેની માહિતી આપતાં હોસ્પિટલના કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન ડો. ધીરેન શાહ, ડો. ધવલ નાયક અને ડો. સૌરભ જયસ્વાલે ખાસ મુલાકાતમાં જણાવ્યું હતું કે દુનિયામાં હૃદયના જે અદ્યતન ઓપરેશનો થાય છે તેમાંથી હાર્ટ ટ્રાન્સપ્લાન્ટને બાદ કરતાં તમામ પ્રકારની સર્જરી સીમ્સ હોસ્પિટલમાં થઈ શકે છે.

સીમ્સ હોસ્પિટલમાં કનુભાઈ નામના એક દર્દીને (નામ બદલ્યું છે) બાયપાસ વાલ્વ રિપેરીંગ કરાયું હતું. દર્દીને રજા અપાયા પછી તે બે કી.મી. સુધી ચાલી શકે છે. કનુભાઈના કેસની વધુ વિગત આપતાં કાર્ડિયાક સર્જન ડો. ધીરેન શાહે જણાવ્યું કે "આ નબળા હૃદયનો કેસ હતો. હૃદય પહોળું થઈ ગયું હતું, વાલ્વમાં લીકેજ હતું, પમ્પીંગની ક્ષમતા ૨૦ થી ૨૫ ટકા જેટલી હતી. છેલ્લા એક વર્ષમાં હાર્ટ ફેઈલ્યોરને કારણે ચારેક વખત હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું. સીમ્સ હોસ્પિટલમાં તેમને બાયપાસનું, વાલ્વ રિપેરીગનું તથા ફુગ્ગા જેવા પહોળા થઈ ગયેલા હૃદયનું એમ ત્રણેય ઓપરેશન એક સાથે કરવામાં આવ્યા હતા. ભારતમાં આ પ્રકારના દર્દીઓમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ શક્ય નથી તેથી આ પ્રકારે સર્જરી કરાવીને દર્દી રોજીંદી સારી અને સ્વતંત્ર જીંદગી જીવી શકે તેવી સ્થિતિ પેદા કરી શકાય છે "આવા ઓપરેશનમાં થોડુંક વધારે જોખમ અને ખર્ચ પણ વધારે થતો હોય છે, છતાં સારવાર શક્ય છે" તેમ ડો. ધવલ નાયક જણાવે છે. ડો. સૌરભ જયસ્વાલે જણાવ્યું કે 'જ્યારે આ દર્દી અમારી પાસે ફોલોઅપમાં આવતા હોય છે ત્યારે બંધિયાર જીંદગીના બદલે સ્વતંત્ર અને ઉપયોગી જીંદગી જીવે છે, તેના કારણે તે અને તેમનો પરિવાર સંતુષ્ઠ છે.

અમદાવાદની એક યુવાન છોકરી આયેશા (નામ બદલેલ છે) જેના ૬ માસ પછી લગ્ન થવાના હતા. તેને ખબર પડી કે તેના હૃદયમાં જન્મજાત કાણું છે. ઘરમાં ટેન્શન અને ગભરાટ વધી ગયો. મોટો કાપો મૂકવો પડશે તેવા ડરથી તે લઘુતાગ્રંથી અનુભવતી થતો હતી. આ કારણે ઓપરેશન માટે તૈયારી પણ દાખવતી નહોતી.

આયેશા જ્યારે ડો. ધીરેન શાહને મળી ત્યારે તેને સમજાવવામાં આવ્યું કે હવે ટેકનોલોજી બદલાઈ છે.આ ઓપરેશન કરવામાં છાતીમાં મોટો ચીરો નહીં મૂકવો પડે, બ્રેસ્ટની (સ્તનની) નીચે, દેખાય નહીં તેવો નાનો કાપો મૂકી ઓપરેશન થઈ શકશે. એ પછી સીમ્સમાં ઓપરેશન થયું અને ૬ માસ પછી આયેશાના લગ્ન પણ થયા. આજ સુધી તેના હૃદયને કોઈ તકલીફ પડી નથી.




ડો.ધવલ નાયક ના જણાવ્યા પ્રમાણે આ પ્રકારની મિનિમલ ઈન્વેસિવ કાર્ડિયાક સર્જરીથી (MICS)થી બાયપાસ, વાલ્વ રિપ્લેસમેન્ટ અને વાલ્વ રિપેરીંગ ઉપરાંત હૃદયમાં પડેલા કાણાનું પણ ઓપરેશન થઈ શકે છે તેમ ડો. ધવલ નાયક જણાવે છે. આ ઉપરાંત ડો. સૌરભ જયસ્વાલે જણાવ્યું કે આ ઓપરેશનનો ફાયદો એ છે કે ઓપન હાર્ટ પછીની રિકવરી ખૂબ ઝડપી થાય છે. એક માસમાં વ્યક્તિ કામે લાગી શકે છે. ઘરમાં કમાનાર વ્યક્તિ જલ્દી કામે લાગી જતાં પરિવાર માટે આશિર્વાદરૂપ નિવડે છે. આવી સર્જરીમાં ઓપરેશન પછી ઓછો દુખાવો થાય છે. ખાસ બાબત એ છે કે બહેનોના ઓપરેશનમાં કાપો બિલકુલ દેખાતો નથી અને લઘુતાગ્રંથી રહેતી નથી.

૨૩ વર્ષની ઉંમરના પૂર્ણિમાબેનને (નામ બદલેલ છે) ઓચિંતી શ્વાસની

તકલીફ થવા લાગી. ધબકારા અનિયમિત થઈ ગયા. તેમની તબીબી તપાસમાં જણાયું કે હૃદયના એક વાલ્વમાં લીકેજ છે. ડોકટરોએ જણાવ્યું હતું કે નવો ધાતુનો વાલ્વ નાંખવો પડશે. સીમ્સ હોસ્પિટલમાં તેમણે તપાસ કરાવી ત્યારે ડો.ધિરેન શાહે જણાવ્યું કે બગડેલો માઈટ્રલ વાલ્વ રિપેર થઈ શકશે. વાલ્વ રિપેર કર્યા પછી લોહી પાતળું કરવાની ગોળીઓ લેવાની જરૂર પડશે નહી. આ સર્જરી નાના કાપાથી થઈ શકશે અને ઝડપથી રિકવરી થશે તથા કાપો દેખાશે નહીં. પૂર્ણિમાબેનનું ઓપરેશન થઈ ગયું અને આજ સુધીમાં રિપેર થયેલા વાલ્વમાં કોઈ તકલીફ પડી નથી. તેવું ડો. ધિરેન શાહે આ કેસ અંગેની વિગત આપતાં જણાવ્યું હતું.



ડો. ધવાલ નાયક ના જણાવ્યા પ્રમાણે વાલ્વ રિપેરીંગનો ફાયદો એ છે કે કુદરતે જે વસ્તુ આપી છે તેને સાચવી રાખીએ. કૃત્રિમ વસ્તુ શરીરમાં નાંખવાથી વધુ સારસંભાળ લેવી પડે અને જીંદગીભર લોહી પાતળું થવાની ગોળીઓ લેવી પડે તે દર્દી માટે બોજારૂપ બને છે.

ઘણીવાર એવું માનવામાં આવે છે ૭૦ વર્ષ પછી હાર્ટ સર્જરી જેવું ઓપરેશન શક્ય હોતું નથી. સિમ્સ હોસ્પિટલમાં મોટી ઉંમરના ઘણાં દર્દી આવે છે અને ઓપરેશન કરાવે છે. દર્દી તંદુરસ્ત હોય અને હરતોફરતો હોય તો તે ઓપરેશન કરાવીને સામાન્ય જીંદગી જીવી શકે છે તથા તેના જીવનની ગુણવત્તામાં સુધારો થાય છે. ભાવનગરના ૮૭ વર્ષના એક સ્વાતંત્ર્ય સેનાની જમનાદાસ પટેલ (નામ બદલેલ છે) વાલ્વ બદલવાનું ઓપરેશન સફળતાપૂર્વક થઈ શક્યું હતું અને તેમને આજસુધી કોઈ તકલીફ પડી નથી. ડો. ધીરેન શાહ જણાવે છે કે મોટી ઉંમરની વ્યક્તિઓ માટે ઓપરેશન હવે સામાન્ય બાબત બની ગઈ છે.

ડો. ધવલ નાયકે સીમ્સ હોસ્પિટલમાં થતાં આવાં ઓપરેશનો અંગે વધુ વિગત આપતાં કહ્યું કે અહીં દર વર્ષે ૧૦૦૦ થી વધુ ઓપન હાર્ટ સર્જરીનાં ઓપરેશન થાય છે, એમાં ૧૦ થી ૧૫ ટકા દર્દીઓ ૭૦ વર્ષથી વધુ ઉંમરના હોય છે.

મોટી ઉંમરના વ્યક્તિઓને થતાં ઓપરેશન અંગે ડો. સૌરભ જયસ્વાલે જણાવ્યું કે સામાન્ય દર્દીની તુલનામાં મોટી ઉંમરની વ્યક્તિને થતા ઓપરેશનમાં વિશેષ કાળજી અને ટેકનિકનો ઉપયોગ કરવો પડે છે. સીમ્સ હોસ્પિટલમાં આ માટેનો પ્રોટોકોલ તથા સુવિધાઓ ઉભી કરવામાં આવી છે, આ ઉપરાંતે ટીમવર્કને કારણે આ કામગીરી ઘણી સારી રીતે થઈ શકે છે. સીમ્સ હોસ્પિટલમાં હવે ઓપન હાર્ટ સર્જરી ટેકનિક અને કોરોનરી એન્જીયોપ્લાસ્ટી અને સ્ટેન્ટ જેવી કેથેટર આધારિત પધ્ધતિના સંયોજનવાળી હાઈબ્રીડ ટેકનોલોજી પણ ઉપલબ્ધ થઈ છે. ડો. ધિરેન શાહ કહે છે કે આ પ્રકારની હાઈબ્રીડ સર્જરીમાં બાયપાસ સર્જરી અને વાલ્વ રિપેરીંગ અથવા રિપ્લેસમેન્ટ (બંને સાથે)પણ થઈ શકે છે.

અગાઉ હૃદયનું કોઈ ઓપરેશન કરાવવાનું હોય ત્યારે દર્દીઓના સ્નેહીઓના મનમાં અતિશય ગંભીરતાનું વાતાવરણ પેદા થતું હતું, પણ હવે ઝડપી નિદાન પછી તુરત જ હાર્ટ સર્જરી થઈ શકે છે આથી દર્દી તથા તેમના સ્વજનોમાં અગાઉ સતત ચિંતા રહેતી હતી તે સ્થિતિ અનેક દર્દીઓનાં અટપટાં ઓપરેશન થવાને કારણે તથા સફળતાના ઉંચા દરને કારણે લગભગ નિર્મૂળ થતી જાય છે.

**સૌજન્ય**

**ડો. ધીરેન શાહ**
MB, MS, MCh (CVTS)
કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન
(મો) +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩
ઇ-મેલ : dhiren.shah@cims.me

**ડો. ધવલ નાયક**
M.S. (Gold Medalist), DNB (CTS)
Fellow RPAH (Sydney)
કાર્ડિયોથોરાસીક સર્જન
(મો) +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩
ઇ-મેલ : dhaval.naik@cims.me

**ડો. સૌરભ જયસ્વાલ**
MB, MS, MCh (CVTS)
કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન
(મો) +૯૧-૯૫૮૬૭ ૨૫૮૨૭
ઇ-મેલ : saurabh.jaiswal@cimshospital.org

Volume-4 | Issue-42 | January 25, 2014

JIC 2014 Joint International Conference

*We thank the medical fraternity for the over whelming response to JIC 2014*









JIC 2014 : A great academic attraction for all physicians
Please visit our website www.jic2014.org and review JIC Daily (Newsletter) & Abstract Book


# કેન્સર સર્જરી

## સીમ્સ હોસ્પિટલમાં



## કેન્સરનું નિદાન અને સારવાર માટે પ્રતિબદ્ધ ટીમ







Breast • Colorectal • Gynaecology • Head & Neck • Melanoma • Lung
Lymphoma • Pancreatic and Hepatobiliary • Urology • Upper GI (Gastrointestinal)

**Cancer surgeries like Hemiglossectomy, Whipple's, MRND, MRM, CA Cervix, Commando, Radical Cholecystectomy, Radical Nephrectomy, CA Pancreatic, CA Prostate, Thyroidectomy and many others**

CIMS News
Care & Cure
Volume-4 | Issue-42 | January 25, 2014

CIMS®
Care Institute of Medical Sciences

# We bring in among the first in World Radiotherapy Versa-HD (Elekta) in Asia Pacific



**Dr. Devang C. Bhavsar**
MD
**(M) +91-98253 74411**

Consultant Radiation Oncologist at CIMS Cancer Center. Associate Professor and post graduate teacher at Gujarat Cancer & Research Center. One of the pioneers of Image Guided Radiotherapy technique in India. Special interest in Neuro Oncology, Prostate Cancers & SRS. Very active in social activities like cancer awareness camps.




Linear Accelerator, Versa HD

**To complete its offer of a super multispecialty hospital, CIMS is proud to offer a new service, by introducing Radiation Oncology Center. This upcoming set up is all geared up to be open to service by end of March 2014.**




**Dr. Kinjal R. Jani**
MD
**(M) +91-98255 76533**

Consultant Radiation Oncologist at CIMS Cancer Center. Gold medalist for subject ENT in MBBS. Received the first rank award from Gujarat Cancer Society in 2005. One of the highest experience of Image Guided Radiotherapy in India. Special interests in Head & Neck Oncology, Prostate Cancers & Breast Cancers. Very active in social activities like cancer awareness talks and camps.

## Uniqueness of CIMS Radiation Centre

- First Versa HD Linear Accelerator by Elekta in Asia
- Agility- High focus 160 leaf MLC, newly launched by Elekta
- APEX DMLC - A High definition 2.5mm leaf width for brain tumors
- First FFF mode treatment in Asia by Elekta
- 3 times higher dose rate than any other normal Linac dose rate
- Hexapod-6 dimensional motion correction by robotic couch
- Minimize the treatment setup error by correcting 3 rotational & 3 transverse motions during the treatment.
- Active Breathing Coordinator™ System
  - Exactly track the position of moving target like lung tumor because of breathing motion & reduce the dose to normal tissue.
- 4D SYMMETRY
  - SymmetryTM provides acquisition and in line reconstruction of 4D volumetric data, utilizing unique patented technology for sorting each projection image into a phase based bin. This sorting occurs by reviewing the moving anatomy within the projection images and calculating a respiratory trace directly from the internal anatomy



Equipped with the latest state-of-the art equipment and supported by highly qualified and dedicated oncologists, Care Institute of Medical Sciences is all set to become one of the desired destinations of cancer patients from across the country and specifically catering to the population of Western India.

Volume-4 | Issue-42 | January 25, 2014

CIMS

# સીમ્સ હોસ્પિટલ રજુ કરે છે ECMO


પ્રથમ વખત ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં

## ECMO ECLS (Extracorporeal Membrane Oxygenation - Extracorporeal Life Support System)



**ECMO નીચેના દર્દીઓ માટે એક આશાનું કિરણ છે:**

- મલ્ટી ઓર્ગન ફેલ્યોર
- ARDS અને ફેફસાની નબળાઈ
- હૃદયની જન્મજાત અને જટિલ બીમારી
- નવજાત શિશુમાં શ્વાસને લગતી ગંભીર બીમારી (I.E. PPHN, MAS)
- હૃદયની અને અન્ય કેટલીક જટીલ સર્જરી બાદ



## ECMO સિસ્ટમ દ્વારા વિશ્વમાં ઘણીબધી જિંદગી બચાવવામાં આવી છે.

### ભારતમાં સૌથી વિશાળ ECMO ટીમમાંની એક

| ECMO ચીફ કો-ઓર્ડિનેટર્સ | |
|---|---|
| ડૉ. ધવલ નાયક | +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ |
| ડૉ. કેયૂર પરીખ | +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૪ |

| ECMO ક્રીટીકલ કેર / રેસ્પીરેટરી ટીમ | |
|---|---|
| ડૉ. વિપુલ ઠક્કર | +૯૧-૯૮૨૫૪ ૮૮૨૨૦ |
| ડૉ. ભાગ્યેશ શાહ | +૯૧-૯૦૯૯૦ ૬૮૯૩૮ |
| ડૉ. હર્ષલ ઠાકર | +૯૧-૯૯૦૯૯ ૧૯૯૬૩ |
| ડૉ. ધને શ્રી અત્રે સિંઘ | +૯૧-૮૨૩૮૦ ૦૧૯૭૭ |
| ડૉ. અમિત એચ. પટેલ | +૯૧-૯૮૨૪૩ ૧૦૧૫૦ |
| ડૉ. નિતેશ કે. શાહ | +૯૧-૯૮૨૫૦ ૨૭૪૮૭ |

| ECMO નીઓનેટોલોજી અને પીડિયાટ્રીક કાર્ડિયાક ટીમ | |
|---|---|
| ડૉ. કશ્યપ શેઠ | +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮ |
| ડૉ. શૌનક શાહ | +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨ |
| ડૉ. અમિત ચિત્તલીયા | +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦ |

| ECMO કાર્ડિયાક ટીમ | |
|---|---|
| ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. સત્ય ગુપ્તા | +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦ |
| ડૉ. વિનીત સાંખલા | +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬ |
| ડૉ. ગુણવંત પટેલ | +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬ |
| ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૪ |
| ડૉ. ઉર્મિલ શાહ | +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯ |
| ડૉ. હેમાંગ બક્ષી | +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧ |
| ડૉ. અનિશ ચંદારાણા | +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨ |
| ડૉ. પ્રશાંત પવાર | +૯૧-૭૫૬૭૧ ૨૪૫૩૪ |
| ડૉ. રોહન ભાગડે | +૯૧-૮૯૮૦૬ ૯૦૭૭૫ |

| ECMO કાર્ડિયાક સર્જરી ટીમ | |
|---|---|
| ડૉ. ધીરેન શાહ | +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ |
| ડૉ. ધવલ નાયક | +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ |
| ડૉ. સૌરભ જયસ્વાલ | +૯૧-૯૫૮૬૭ ૨૫૮૨૭ |

| ECMO કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ ટીમ | |
|---|---|
| ડૉ. નિરેન ભાવસાર | +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭ |
| ડૉ. હિરેન ધોળકિયા | +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮ |
| ડૉ. ચિંતન શેઠ | +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪ |
| ડૉ. દિપક દેસાઈ | +૯૧-૯૩૨૭૦ ૧૫૬૭૩ |

| ECMO ટ્રોમા ટીમ | |
|---|---|
| ડૉ. સંજય શાહ | +૯૧-૯૮૯૮૦ ૦૦૨૬૫ |

| ECMO વાસ્ક્યુલર ટીમ | |
|---|---|
| ડૉ. સૃજલ શાહ | +૯૧-૯૧૩૭૭ ૮૮૦૮૮ |

| ECMO થોરાસીક ટીમ | |
|---|---|
| ડૉ. પ્રણવ મોદી | +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦ |

| ECMO ઇન્ફેકશીયસ ડિસીસ ટીમ | |
|---|---|
| ડૉ. સુરભી મદાન | +૯૧-૯૭૧૨૯ ૭૧૮૬૩ |

| ECMO પરફ્યુસનીસ્ટ ટીમ | |
|---|---|
| ઉલ્હાસ પડીયાર | +૯૧-૯૮૯૮૩ ૫૭૭૭૨ |
| ધન્યતા ધોલકીયા | +૯૧-૯૫૮૬૪ ૪૯૪૩૦ |

ECMO નર્સિંગ ટીમ

www.cims.me/ecmo

## સીમ્સ રજુ કરે છે સીમ્સ એક્સપ્રેસ

### ઉત્તમ સેવાઓ માટે તે જ દિવસે એપોઇન્ટમેન્ટ

**શું તમારે આજે જ એપોઇન્ટમેન્ટ જોઇએ છે ?**

સીમ્સમાં, અમે ડોક્ટર* ની એ જ દિવસની એપોઇન્ટમેન્ટની ખાત્રી આપીએ છીએ જો તમે બપોરે ૧૨ વાગ્યા પહેલા ફોન કરો તો (સોમવાર થી શનિવાર) અથવા બીજા દિવસની સવારે

**+૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧**

- કાર્ડિયોલોજી
- કાર્ડિયાક સર્જરી
- ક્રિટીકલ કેર
- ગેસ્ટ્રીક/એબ્ડોમીનલ ડિસીઝ અને સર્જરી
- ઇન્ફેક્શીયસ અને એચઆઇવી બિમારી
- જોઇન્ટ રીપ્લેસમન્ટ સર્જરી
- ઓર્થોપેડીક્સ
- નીઓનેટોલોજી અને પીડિયાટ્રીક ડિસીઝ
- ન્યુરોસર્જરી
- પલ્મોનોલોજી
- સ્પાઇન સર્જરી
- થોરાસીક સર્જરી
- ટ્રોમા કેર
- વાસ્ક્યુલર સર્જરી
- પેઇન મેનેજમેન્ટ
- ડેન્ટીસ્ટ્રી

*જે તે સ્પેશ્યાલીટીની ટીમમાંથી હાજર હશે તે ડૉક્ટર એ દિવસે તપાસશે.

## ટૂંક સમયમાં સીમ્સ કેન્સર સેન્ટર

વિશ્વની અત્યાધુનિક રેડિયોથેરાપી વર્સા ટેક્નોલોજી સાથે

ડૉ. દેવાંગ ભાવસાર
(મો) +૯૧-૯૮૨૫૩ ૭૪૪૧૧
ડૉ. કિંજલ જાની
(મો) +૯૧-૯૮૨૫૫ ૭૬૫૩૩

Green Hospital

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care

NABH NABL

**એપોઇન્ટમેન્ટ માટે ફોન**
(સવારે ૯ થી સાંજે ૫ સુધી)
રવિવાર સિવાય

+૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮
ઇમેલ : opd.rec@cimshospital.org
info@cims.me

સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫(૫ નંબર) ફેક્સ: +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૦

Volume-4 | Issue-42 | January 25, 2014

CIMS
Care Institute of Medical Sciences

**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**

**If undelivered Please Return to**

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
Phone : +91-79-2771 2771-75 (5 lines)
Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

સીમ્સ ઇમરજન્સી ૨૪ કલાક દરેક પ્રકારના અત્યાધુનિક તબીબી સાધનોથી સુસજ્જ છે. ઇમરજન્સી ટીમ કુશળ અને સમર્પિત ડોકટર્સની ટીમ તથા નર્સિંગ સ્ટાફ દ્વારા બનેલી છે. ચાર ઉચ્ચતમ ટેકનોલોજી વાળી એમ્બ્યુલન્સ જેમા સામેલ છે : આઇસીયુ ઓન વ્હીલસ, **બાળકોમાટેની એમ્બ્યુલન્સ તથા ટ્રોમા એમ્બ્યુલન્સ** જે દર્દીને ઘરેથી હોસ્પિટલ અને હોસ્પિટલથી ઘરે પહોંચાડવાની સેવા પુરી પાડે છે.

**એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી**

**+૯૧ ૯૮૨૪૪ ૫૦૦૦૦**
**+૯૧ ૯૭૨૩૪ ૫૦૦૦૦**
**+૯૧ ૯૦૯૯૦ ૧૧૨૩૪**




no patient too sick or too far for **CIMS**

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... We Care

**સીમ્સ હોસ્પિટલ:** શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (૫ નંબર)
ફેક્સ: +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૦ એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮ મોબાઈલ: +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧
www.cims.me

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**